કાન્તિ ભટ્ટ

# ૨૧મી સદીમાં પરિવર્તનથી ડરવું નહીં, બધું જ બદલાઇ રહ્યું છે, તમે બદલાઓ

## પરિવર્તન

જોકુછ પુરાના હૈ મોહક તો લગતા હૈ
ટૂટને કા દર્દ મગર સહના હી પડતા હૈ
બહુત કુછ ટૂટતા હૈ
તબ નયા બનતા હૈ

- ગિરિજાકુમાર માથુર

નાઇજિરિયાના વિદેશપ્રધાન રહી ચૂકેલા ડૉ.અબ્દુલ કાદીર ફિલસૂફ બની ગયા છે. આખી દુનિયા કેવી રીતે સમૃદ્ધ થાય અને સમૃદ્ધિને શાંતિથી ભોગવી શકે તેના વિચારો ફેલાવે છે. 'ગ્લોબલ સ્ટડીઝમાં પી.એચ.ડી. કર્યું છે. સ્વીડન વસ્યા છે. તેઓ કહે છે કે્ જગતમાં કંઇ પણ સ્થાયી હોય તો તે પરિવર્તન છે. ધ ઓન્લી પરમેનન્ટ થિંગ ઇઝ ચેન્જ. કુદરતમાં પણ પરિવર્તનની સતત ક્રિયા ચાલે છે. તમારું લોહી અને શરીરના કોષો ગઇકાલે હતા તે આજે નથી. એટલે સંભાળી સંભાળી કે ફૂંકી ફૂંકીને ચાલવાનો જમાનો થઇ ગયો છે. ઇટ ઇઝ બેટર ટુ બી રોંગ સમ, ઑફ ધ ટાઇમ ધેન ટુ બી રોંગ ઓલ ધ ટાઇમ. હિંમત કરીને જોખમી પગલું ભરી એક વખત ખોટા ઠરો તેનો અફસોસ નથી. પણ સલામતીના ચેલા બનીને પલાંઠી વાળીને બેસી રહેવું તે હંમેશા ખોટું છે. ટોળું વિચારે તેનાથી જુદું વિચારવાનું છે. આપણે ગઇ કાલનું બધું જ ભૂલી જઇએ. આજે પરિવર્તનની પવનઘોડી પર ચઢી જઇએ. જો પરિવર્તન લાવશો, ધર્મના નાના ઝઘડા, વ્યવસાય કે ધંધાના નાના મતભેદો, કુટુંબમાં નાના નાના કંકાસ ભૂલી જશો તો જ ૨૧મી સદીની ટેકનોલૉજી જે મજેદાર પરિવર્તનો લાવી રહી છે. તેનો લાભ લઇ શકશો.
જરા વિચાર કરો આજે શું બની રહ્યું છે ?

- દરેક પંદર સેકંડે એક નવી વેબસાઇટ ઇન્ટરનેટ પર શરૂ થાય છે.

- દરેક પંદર મિનિટે નવી ટેકનોલૉજીના નવી શોધનાં અને નવાં વિચારનાં પગરણ ક્યાંક ને ક્યાંક થાય છે. ઇજનેરો,બિદ્ધિમંતો અને ટેકનોલૉજીસ્ટોને મરવાની ફુરસદ નથી. એક વ્યવહારુ દાખલો. તમારું કમ્પ્યુટર કે તેનું પ્રિન્ટર કે નાની મોટરકાર બગડી ગઇ છે. કારીગર કહેશે, સાહેબ, નવું મશીન કે નવી કાર લઇ લો. રિપેર કરવાની કોઇને ફુરસદ નથી.

- દરેક ૧૫ દિવસે નવી ચીજ કે નવી જાતની સર્વિસ જન્મ લે છે. પશ્ચિમના સ્ટોરમાં ૧૨૭ જાતની બ્રેડ અને ૧૧૭ જાતનાં ફ્રૂટનાં તૈયાર પીણાં મળે છે.

- ૫૦ જાતનાં નવાં કમ્પ્યુટર મળે છે. દરેક પાસે ત્રણ ત્રણ ફોનનંબર છે. વત્તા ફેક્સ છે. ઇન્ટરનેટ છે. ઇન્ટરનેટથી પણ ફોનની સગવડ છે.

- કોઇપણ ટેલિફોનલાઇનથી આપણે માત્ર ૩ સેકન્ડ દૂર છીએ.

૨૧મી સદીનું પ્રભાત ઊગેલું ત્યારે આપણે માટે ઘણી ઘણી અપેક્ષાઓ લાવેલું.
૨૧મી સદીમાં દેશો પરસ્પર શાંતિ લાવશે. જરૂર લાવશે. આજની ચારેકોરની આંધી અને ઘર્ષણો જોઇ રહ્યા છીએ તે શાંતિ માટેની એંધાણ છે. એ ઘર્ષણ ખદબદશે તો શાંતિ આવશે.

૨૧મી સદીમાં માનવીના રોગને સારા કરવાનાં ઉપાયો શોધાશે. એ મુજબ માનવી આરોગ્ય માટે જાગ્રત બન્યો છે. આયુર્વેદ અને નિસર્ગોપચારના વિકલ્પો શોધે છે.

૨૧મી સદી મહિલાઓની હશે. વિજ્ઞાનની ભાષામાં માનવીના મગજના જમણા ભાગની બોલબાલા હશે. જમણું મગજ આજે ધમધમે છે. જમણું મગજ મહિલાનું છે. પુરુષનો જમાનો પાછળ રહી ગયો છે. આવતી કાલે પુરુષ પત્ની માટે રસોઇ કરતો હશે. ૨૧મી સદીમાં લોકોમાં એક પૅસન હશે. પૅશન મુજબ જીવશે અને પૅશન મુજબ મરવા તૈયાર થશે. ૨૧મી સદી જવાબદારીવાળી હશે. ડિગ્નિટીવાળી હશે. ૨૧મીસદીમાં ગ્રાહક રાજા હશે. ૨૧મી સદી આખી કન્ઝ્યુમર ડ્રિવન ઇકોનોમી હશે.

ઉપરની તમામ આગાહી સાચી પડી રહી છે. અરે ! તમારે જ માનસિકતામાં પરિવર્તન લાવીને તે આગાહી સાચી પાડવાની છે. તમારા પરિવર્તનથી શ્રીગણેશ કરવા પડશે.

ઉપર લખેલાં પરિવર્તનોનો ડ્રાઇવિંગ ફોર્સ શો હશે ? ટેકનોલૉજી...ટેકનોલૉજી...અને ટેકનોલૉજી. તમે એમ.બી.એ. કરો પણ ઇજનેરી અને ટેકનોલૉજીનું જ્ઞાન લો. દીકરા-દીકરીને ટેકનોલૉજીસ્ટ બનાવો. આજે આર્થિક ક્રાંતિનો નવો ત્રીજો યુગ આવી ગયો છે.શેરબજારનો ઊંચો ઇન્ડેક્ષ તો આ તમામ પરિવર્તનોની સામે ફાલતુ વાત છે. શેરબજારની તેજી કાઠિયાવાડના દરબારના ફેંટા જેવી છે. તે ફેંટાની લંબાઇ કે ઊંચાઇ પરથી પ્રગતિ નક્કી ન કરી શકો. એ ફેંટો તે પાઘડી પહેરનારનું જોમ, કૌવત, હિંમત અને નુકશાન કરવાની છાતી મહત્ત્વની છે. તમે દૂબળા હૈયાના હો અને થાપટ ખાતાં ન આવડે તો એ શેરમાં જશો નહીં.

જરા ભવિષ્ય પર નજર નાખો. ૨૦૨૦માં જે નવી નવી જાતની નોકરીઓ કે નવાં નવાં કામો પેદા થશે તેમાનાં ૭૦ ટકા તો આજે નજરે દેખાતાં નથી
અને યાદ રાખો કે જે ઝડપથી નવું નવું શોધાઇ રહ્યું છે તે તમામ નવી નવી ટેકનોલૉજીએ શોધ્યું છે. તેથી તમે કહી શકો કે ૨૦૨૦માં જે ટેકનોલૉજી આવવાની છે તેમાંથી ૮૦ ટકા આજે હજી શોધાઇ નથી.

• ૨૦મી સદી અને ૨૧મી સદીમાં શો ફરક છે ?

૨૦મી સદીમાં મહિલા વડાપ્રધાનો કે પ્રમુખો બહુ ઓછી હતી. આજે દોઢ ડઝન દેશોની વડી મહિલા છે. ફરી રિપિટ કરું છું. ૨૦મી સદી ડાબી સાઇડનાં મગજવાળી હતી. ૨૧મી સદી જમણી સાઇડનાં મગજની પ્રભુતાવાળી સદી છે. એટલે કે ૨૧મી સદીની મહિલા માનવંતી, માનુની અને મહાપુરુષાર્થી બનવાની છે. મહિલા સમજી લે કે તેનો સમય આવી ગયો છે. જરા બળવો કરી એ પરિવર્તનનો મહિલા લાભ ઉઠાવે.

૨૦મી સદીમાં જેનીપાસે ધન હોય તે ધન જ પ્રેરકબળ હતું. આજે ૨૧મી સદીનું અર્થતંત્ર, મૂલ્યનિષ્ઠ અર્થતંત્ર છે. એકલું ધન મહત્ત્વનું નથી. તમારા જ્ઞાન વગર, કુશળતા વગર અને પરિવર્તનમાં ભળવાની તમન્નાવાળા બુદ્ધિમંતો વગર ધન નકામું છે. ્જે અગાઉથી જ આવનારા પરિવર્તનને માત્ર અભ્યાસી લોકો પારખી શકે છે.

૨૦મી સદીમાં તમારી માનસિકતા શી હતી ?

૨૦મી સદીમાં કુદરત કે વિધાતાએ જે નિર્માણ કર્યું છે તેને તમે સ્વીકારી લેતા. પણ ૨૧મી સદીમાં તમારો મંત્ર છે: ક્રિયેટ યોર ડેસ્ટિની. તમારું ભાવિ, તમારું પ્રારબ્ધ તમે નક્કી કરો.

૨૦મી સદીમાં બીજાને ગુલામ બનાવવાની કે તમને બીજા આધીન રહે તે પ્રકારની તમારી માનસિકતા હતી. આજે ? આજે તમારે એકબીજાને અનુકૂળ થવું પડે છે. થવું પડશે.

૨૦મી સદીમાં આપણે સંભવિત ભાવિ અગર સંભાવ્ય માટે મહેનત કરતા હતા. આજે તમે કહી શકો, મારી મરજી. આજે તમારી મરજી મુજબનું કે તમારી પસંદગીનું ભાવિ કે કેરિયર નક્કી કરવાનું છે. કેરિયરના અનેક વિકલ્પો છે. અરે, કંઇપણ કર્યા વગર થોડાક મહિના બેકારી ભોગવવાનો આત્મવિશ્વાસ આવ્યો છે. આજે તમારી દીકરી કે પત્ની કહેવા તૈયાર છે, બેસો, બેસો, હડિયાપટ્ટી નહીં કરો, ઘરખર્ચની ચિંતા ન કરો.

૨૦મી સદીમાં પરિવર્તન લાવવા મંધાતાઓ તમારામાં ભય પેદા કરતા. તમને ડરાવતા, ધમકાવતા. આજે પરિવર્તન લાવવા તમારી નીચેના માણસોને ડરાવી નહીં શકો. ૨૧મી સદીનું શસ્ત્ર છે કોઇની અંદર આશા પેદા કરો.

• ૨૧મી સદીમાં તમારુ માઇન્ડ સેટ કેવું હોવું જોઇએ ?

(૧) તમે નોકર હો કે માલિક હો, પરસ્પરને ખુલ્લા હૃદયે વાત કરો (૨) ઉદ્યોગપતિ કે વેપારી તરીકે અંગ્રેજી સૂત્ર અપનાવો-બી કન્ઝ્યુમર ડ્રિવન-બી પૅશન ડ્રિવન. ઉપભોગકર્તાને રાજા માનો. નવું કરવાની લાલસા- પૅશન રાખો.
(૩) યાદ રાખો, ભૂતકાળનું કોઇ ભવિષ્ય નથી.

(૪) સૌથી મહત્ત્વની તમારા માટેની વાત, તમારી તંદુરસ્તીને વફાદાર રહો. તમારી જાતને વફાદાર રહો. કેરિયરને વફાદાર રહો. ખાઓ તેનું ખોદો નહીં.

(૫) જૂની ઘરેડ અને જૂના પિંજરામાંથી બહાર આવીને નવા પ્રશ્નો પૂછો. નવા ઇલાજો શોધો.

(૬) તમારા વિચારો, તમારી શોધો અને તમારા જોખમ ઉઠાવવાના પ્લાનની બીજા લોકો સાથે ચર્ચા કરી પરસ્પરના વિચારોને શેર કરો.

(૭) છેલ્લે મોટા અક્ષરે લખી લો: તમારે તમારા અહમ્ ને કચડી નાખીને મોટા ખાડામાં ભંડારી દેવાનું છે.

તમને બધાને વેલેન્ટાઇન-ડેની સંધ્યાએ આ મારો આગોતરો પ્રેક્ટિકલ પ્રેમસંદેશ છે. તે સંદેશનું પાવળૂંક પરિવર્તન લાવશો તો મને પ્રેમનો પ્રતિધ્વનિ મળશે.